પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

# " કરફ્યુ ઉઠાવી લેવાનું જાહેરનામું "

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે હુકમ

નંબર-વિ.શા/જાહેરનામું/એ-સેકશન/૯૨/ ૨૦૨૧ તા.૧૨/૦૭/૨૦૨૧

વંચાણે લીધા:-(૧).અત્રેની કચેરીના કરફ્યું હુકમ નંબર-વિ.શા/જાહેરનામું /એ-સેકશન /૮૮/૨૦૨૧ તારીખ. ૦૯/૦૭/૨૦૨૧ આધારે.

અમદાવાદ શહેર વિસ્તારમાં તા.૧૨.૦૭.૨૦૨૧ના રોજ જમાલપુર અમદાવાદ શહેર ખાતેથી પરંપરાગત રીતે નીકળતી ભગવાન જગન્નાથજીની ૧૪૪ મી રથયાત્રા નિમિતે રથયાત્રા રૂટ ઉપર લોકો ભેગા થઇ ઉભા રહે તો COVID-19 સંક્રમણ ફેલાવવાની પુરેપુરી શકયતા રહેલ હોવાથી સંક્રમણને અટકાવવા લોકો એકબીજાના સંપર્કમાં ન આવે અને લોકોના સ્વાસ્થ્યની જાળવણી માટે તેમજ રથયાત્રા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે નીચે જણાવેલ અનુસુચિ-A જણાવેલ વિસ્તારમાં તા.૧૨.૦૭.૨૦૨૧ ના કલાક ૦૬.૦૦ થી કલાક ૧૪.૦૦ દરમ્યાન સી.આર.પી.સી.કલમ ૧૪૪ મુજબ પગલાં લઇ કરફ્યું અમલમાં મુકવામાં આવેલ.

અનુસુચિ: A

(૧) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
(૨) ખાડીયા પોલીસ સ્ટેશન સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
(3) કાલુપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
(૪) શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
(૫) દરિયાપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
(૬) શાહપુર પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
(૭) કારંજ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર
(૮) માધવપુરા પોલીસ સ્ટેશનના વિસ્તારની (A) પ્રેમદરવાજા પોલીસ ચોકી (B) શાહપુર દરવાજા બહાર પોલીસ ચોકી (C) ઇદગાહ પોલીસ ચોકીનો વિસ્તાર
(૯) દાણીલીમડા પોલીસ સ્ટેશનની સંતોષનગર પોલીસ ચોકી વિસ્તાર તથા કાગડાપીઠ પોલીસ સ્ટેશનની એસ.ટી.સર્કલ પોલીસ ચોકી તથા બહેરામપુરા પોલીસ ચોકી વિસ્તાર
(૧૦) સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસ સ્ટેશનનો સમગ્ર વિસ્તાર

શ્રી ભગવાન જગન્નાથજીની-૧૪૪ મી રથયાત્રા આજરોજ કલાક ૧૦.૫૦ વાગે પરત નિજ મંદિરે ખાતે પહોંચી ગયેલ હોવાથી વધુ સમય સદર કરફ્યું હુકમ ચાલું રાખવો જરૂરી જણાતો નથી.

જેથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર આ ઉપરથી ભારતીય ફોજદારી કાર્યરિતી અધિનિયમ સને-૧૯૭૩ ની કલમ ૧૪૪ અન્વયે મેં જાહેર કરેલ ઉપરોક્ત વંચાણે લીધેલ પત્રથી કરફ્યું હુકમ

અમલ કરેલ. જે આજરોજ તા.૧૨/૦૭/૨૦૨૧ ના કલાક ૧૧/30 વાગ્યાથી ઉપરોક્ત અનુસુચિ-A માં જણાવેલ વિસ્તારમાં રથયાત્રા સંદર્ભે લગાવવામાં આવેલ કરફ્યું સંપુર્ણપણે ઉઠાવી લેવાનો આથી આદેશ ફરમાવુ છું:

આજ તારીખ-૧૨/૦૭/૨૦૨૧ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિ.શ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.
(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિ.શ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)